શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપંક

વર્ષ : ૧૬
અંક : ૨

## ઈન્ટર એજન્સી ગૃપ

ગુજરાત રાજયએ ભારતનું બીજા નંબરનું સૌથી મોટું ઈન્ડસ્ટ્રીયલ ઝોન છે જેમકે કેમીકલ્સ, ફર્ટીલાઈઝર, પેટ્રોકેમીકલ્સ, પેસ્ટીસાઈડસ, પેઈન્ટસ, ઈન્સેકટીસાઈડસ, ડ્રગ્સ અને ફાર્માસ્યુટીકલ્સ વગેરે. જેના કારણે ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીયલ કેઝીડનું પ્રમાણ વધારે છે. અમદાવાદ થી વાપી સુધીનો ૪૦૦ કિ.મી.નો એરીયા "ગોલ્ડન–કોરીડોર" તરીકે ઓળખાય છે. જે હાઈ રિસ્ક ઝોન છે. આવી અનેક ઈન્ડસ્ટ્રીઝમાંથી વેસ્ટ સ્વરૂપે અનેક પ્રકારના ઝેરી દ્રવ્યો અને કેમીકલ્સ બહાર ફેંકાય છે જેનાથી હવા, પાણી અને જમીન ખૂબ જ ખરાબ રીતે દુષિત થાય છે. ગુજરાતના લોકોએ અનેક કુદરતી આફતોનો સામનો પણ કર્યા છે જેમકે ધરતીકંપ, વાવોઝોડું, પૂર, સુનામી વગેરે. કેમીકલ્સ અને ગેસ કે જે ખૂબજ – જવલનશીલ પદાર્થ છે જેની હેરફેર માટે મુખ્યત્વે રોડ, રેલ, હવાઈ, દરિયાઈ માર્ગ અને ભૂગર્ભ પાઈપલાઈનનો ઉપયોગ થાય છે. ગુજરાતમાં ભૂગર્ભ પાઈપલાઈનનું નેટવર્ક લગભગ ૧૭૦૦ કિ.મી. લાંબું છે.

ગુજરાતમાં લગભગ ૩૬૧૭૯ જેટલી ફેકટરી છે તેમજ અનેક મોટા ગેસ અને કેમીકલ સ્ટોરેજ છે હવે જો કોઈ કૃત્રિમ કે કુદરતી આફતને કારણે સપ્લાય સ્ટોરેજ કે પાઈપલાઈન ને નુકશાન થાય તો વિચારી ન શકાય તેવું ભયંકર નુકશાનીનો સામનો કરવો પડે.

ઈન્ટર એજન્સી ગૃપ દ્વારા અમદાવાદ ખાતે એક તાલીમ યોજાઈ જેમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના પ્રતિનિધી તરીકે મેં ભાગ લીધો હતો. છેલ્લા બે વર્ષથી આ સંસ્થાની સામાજીક પ્રવૃતિઓથી વાકેફ થયો છુ. સંસ્થાના એગ્રીકલ્ચર ડીઝાસ્ટર રીસ્ક રીડકશનના

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

પ્રયાસો અને તેની ખેડૂતો માટેની તાલીમોથી પણ વાકેફ થયો છુ. ખેડૂતોને તેના ખેત ઉત્પાદનો પરના જોખમો ઘટાડવા થયેલા પ્રયાસોને લઈ મને આપત્તી અને જોખમો વિષે જાણકારી મેળવવાની ઈચ્છા થઈ દરમ્યાન ઈન્ટર એજન્સી ગૃપ દ્વારા યોજાયેલ આ તાલીમમાં જોડાયો જેનો મુખ્ય હેતુ એ હતો કે કોઈપણ પ્રકારની ભયાનક અને વિનાશક કૃત્રિમ કે કુદરતી આપત્તી ન સર્જાય અથવા તો આપણી પૂર્વ તૈયારી એવી હોય કે જેથી ઓછામાં ઓછી નુકશાની અને જાનહાની થાય.

જે તમામ ફેકટરીના દરવાજા બહાર મોટા બોર્ડમાં સુવાચ્ય અક્ષરોમાં, ફેકટરીમાં વપરાતા ગેસ તથા કેમીકલ્સની માહિતી, તેનો જથ્થો, ટોક્ષીસીટી વગેરે વિશે લખાયેલ હોવું જોઈએ.

હાલમાં એક ગંભીર પ્રશ્ન છે કે મોબાઈલનાં વધતા જતા ટાવર અને તેના ઈલેકટ્રોનિકસ મેગ્નેટીક તરંગોનાં કારણે ચકલીઓને ઘણું નુકશાન થાય છે. અને તેની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

ગુજરાત સરકારે ઈન્ડસ્ટ્રીયલ અને કેમીકલ ડીઝીસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કર્યો છે. જે નીચે મુજબ છે

૧. કેમીકલ ફેકટરીનું સમયાંતર ઈન્સ્પેકશન કરવું
૨. દરેક જીલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ હોવી જોઈએ.
૩. એક ઈમરજન્સી રેસ્કયુ પ્લાન બનાવવો.
૪. એક રેસ્કયું ટીમ અલર્ટ રહે જે ઘટના સ્થળે પહોચીને તાત્કાલીક પગલા લઈ શકે.
૫. લોકોને કેપીસીટી બીલ્ડીંગ, ચર્ચ, રેસ્કયુ અને હસ્ટએડ જેવી તાલીમ આપવી.
૬. ઈમરજન્સી રિસ્પોન્સ ગાઈડ બુક અથવા મેગેઝીન નિયમીત બહાર પાડવુ જેમાં જુદા–જુદા ડિઝાસ્ટર વિશેની માહિતી તેમાં લીધેલા પગલા અને પ્રિવેન્શન માટેની કાળજી વગેરે બાબતોનો ઉલ્લેખ થવો જોઈએ.
૭. રેસ્કયુ લાઈટ સિસ્ટમ તૈયાર રાખવી જેથી સુનામી કે પૂર જેવી સ્થિતીમાં જયારે વિજસંપર્ક તૂટી જાય ત્યારે તેનો ઉપયોગ થાય.
૮. શાળા અને કોલેજોમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ની તાલીમ કરવી.
૯. ઈમરજન્સી સમયે પૂરતા સાધનો પ્રાપ્ત કરવા.

ઉપર મુજબ સંક્ષિપ્તમાં વિગતો રજુ કરી છે આ સિવાય ઘણી જાણકારી પ્રાપ્ત થઈ છે જેની સંસ્થાની ટીમના મુખ્ય વ્યકિતઓ તથા સંસ્થાની દર માસે મળતી સ્ટાફ મીટીગમાં આ બાબતે વિસ્તૃત ચર્ચા કરી છે.

આપણા કાર્ય વિસ્તારમાં આ પ્રકારની તાલીમો યોજવા જરૂરી પ્રયાસ કરીશ.

**– પ્રેમલ જોષી**

***સ્વતંત્રતા ટકાવી રાખવા જે કિમંત ચુકવવી પડે તે ઓછી જ ગણાય.***

## સવિતાબેન

ઘણી મહિલાઓ પોતાના જીવનમાં ખૂબ જ યાતનાઓ સહન કરીને પણ પોતાના પતિની સાથે જીવન જીવતી હોય છે. તેમ છતાં તે પતિ પોતાની પત્નીની યાતનાઓની જરા પણ પરવા કર્યા વિના તેમને દુઃખ આપતો જ રહે છે. એ સ્ત્રી સમાજનો વિચાર કરી અને પોતાના સંસારને બચાવવા ઘણા પ્રયાસો કરતી જ રહે છે.

આવી જ એક બેન સવિતાબેન કેશુભાઈ ચૌહાણ બી.એ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. માતા પિતાની પસંદગી મુજબ હાલોલ ગામના રમણભાઈ દલપતભાઈ પરમાર સાથે લગ્નગ્રંથીથી જોડાયા અને સંયુકત કુટુંબમાં રહેવા લાગ્યા. લગ્નજીવનનો થોડો સમય ખૂબ સુખમય રીતે પસાર થયો. પરંતુ પછીથી તેમના પતિ દ્વારા તેમના પિતા પાસેથી વારંવાર પૈસાની માંગણી થવા લાગી. તેના નણંદ તથા સાસું મેણા ટોણા મારવા લાગ્યા. વારંવાર પૈસા લેવા માટે ઘરેથી કાઢી મુકવામાં આવતા. બેન પોતાના પિતા પાસેથી પૈસા લઈને પરત તેમના સાસરે જતા રહેતા. સમય એવો આવ્યો કે તેમના પતિ ખરાબ સોબતે ચડી ગયા તેની જાણ થઈ ગઈ. તેના પતિને ખૂબ જ સમજાવ્યા પરંતુ તેમાં કોઈપણ પ્રકારનો સુધારો ન આવતા. પત્ની બધુ મુગા મોઢે સહન કરતી રહી. કોઈના ઘરના વાસણ, કપડા, કચરાપોતા કરવા જતા રહેતા. તેમના પતિએ બધાજ ઘરેણા વહેચી નાખ્યા. અને ઉપરાંત બહેનના પિતા પાસેથી ૫૦,૦૦૦ હજાર રૂા. મંગાવ્યા. બહેન ઉપર આટલું વિતવા છતાં તે બધું મુંગા મોઢે સહન કરતા અને ધીરજ રાખતા તે વિચારતા બધુ સારું થઈ જશે પણ તેના પતિમાં કોઈપણ પ્રકારનું પરિવર્તન જણાયું નહી. આમ આ રીતે તેમના લગ્નજીવનનો ચાર વર્ષ જેવો સમય પસાર થયો. બહેને સંતાનની ખોટ હોવાથી, તેમના સાસુ અને નણંદ દ્વારા વારંવાર તું વાંજણી છો તને સંતાન થતાં નથી આવું કહી અને શારિરીક અને માનસિક ત્રાસ ગુજારવા લાગ્યા. તેમના પતિ દારૂ પી ને ખૂબ જ મારવા લાગ્યા. પત્ની ઉપર રોજ રોજ હિંસા થવા લાગી. એક દિવસ બેનને તેમના પતિએ ખુબ માર માર્યો અને કહયું કે તારા બાપા બહુ પૈસા વાળા છે. તેની પાસેથી ૫૦,૦૦૦ હજાર રૂા. લઈ આવ મારે ધંધો કરવો છે. અને જો પૈસા લઈને ન આવ તો ત્યાં જ તારા બાપાના ઘરે જ રહેજે. આમ કહીને તેમને ઘરેથી કાઢી મુકવામાં આવ્યા.

બેન રોતા કકળતા પિયર આવ્યા. માતા પિતાએ સમજાવી અને પોતાના ઘરે સાચવ્યા. બેનને તેના પતિ વિરુઘ્ધ કઈ કાર્યવાહી કરવી જોઈએ. એની ખબર હતી નહી. તેથી પિયરમાં જ રહી અને જીવન જીવવા લાગ્યા. ધીરે ધીરે બે વર્ષ જેવો સમય થવા આવ્યો. પણ કોઈ તેમને

***સ્વાવલંબન સફળતાની સીડીનુ પહેલુ પગથીયુ છે.***

તેડવા માટે આવ્યું નહી. સમાજના આગેવાનો દ્વારા સમજાવટના પગલાઓ લેવામાં આવ્યાં. પરંતુ તેણીના સાસુ અને રમણભાઈ કોઈની વાત માનવા તૈયાર ન થયા અને તેઓ સમજયા નહી.

આમ બહેન એકવાર સેલના કાર્યકરના પરિચયમાં આવ્યાં. તેમણે બધી આપવીતી જણાવી. પોતાની ઉપર થયેલ હિંસા અને અન્યાયની કથની સંભળાવી ત્યારબાદ મહિલા પોલીસ સ્ટેશનમાં તેમના પતિ વિરુધ્ધ અરજી દાખલ કરવામાં આવી. અને તપાસ ચાલુ થઈ પણ તેના પતિનો કોઈ પતો લાગ્યો નહી. જેથી કોર્ટ દ્વારા ૧૨૫ ભરણપોષણનો કેસ દાખલ થયો. ત્યારબાદ ડી.વી.એ. દાખલ કરવામાં આવ્યો.

આમ પિડીત મહિલાને મહિલા અને બાળ સહાયતા કેન્દ્રથી જરૂરી મદદ મળતી રહી. અત્યારે કોર્ટ દ્વારા કાર્યવાહી શરૂ છે. બહેનને એમ હતુ કે પહેલા મને કંઈ ખબર પડતી ન હતી અને મુંઝાયા કરતી હતી પરંતુ હવે બધી કાર્યવાહી કોર્ટ અને પોલીસ દ્વારા થતી જોઈને ખૂબ ખુશ થાય છે. પોતાને થયુ કે હું પોતે મારા પ્રશ્નોના નિરાકરણ માટે સક્ષમ બની રહી છું.

**– પારૂલ મહિડા**

મહિલા અને બાળ સહાયતા કેન્દ્રના સામાજીક કાર્યકર સુ.શ્રી પારૂલ મહિડાએ પોતાના સેવાકાળ દરમ્યાન ઘણાં બહેનો બાળકો સાથેના કાર્ય પૈકી ઉકત કિસ્સાનું વર્ણન રજુ કરેલ છે તે સાભાર પ્રસ્તુત કરેલ છે.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના જે તે વખતના જેન્ડર બેઈઝ કાર્ય સાથે સંકળાયેલ કાર્યકરોને સ્વાતિ સંસ્થાના માર્ગદર્શન અને તાલીમ જોડાવાનો મોકો મળ્યો હતો. સંસ્થાના કાર્યકરો તેમની એક ઝુંબેશમાં સામેલ થયા હતા. એ અરસામાં જોડાયેલ સંસ્થાઓએ "સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્ક ઓન વાયોલન્સ અગેઈન્સ્ટ વીમેન" નેજા હેઠળ કામ શરૂ કર્યુ. એસએસકેકેના કાર્યકરોએ ખાંભા વિસ્તાર પસંદ કરી ત્યાં બહેનો, બાળકો અને યુવાનો સાથે પ્રક્રિયા હાથ ધરી જેમાં પેરાલીગલ કાર્યકરો તૈયાર થયા, યુવા જુથો બન્યા, તકેદારી સમિતિઓ રચવા માટે પંચાયતો સાથે કાર્યવાહી કરી અને મહિલા ન્યાય સમિતીની રચના થઈ જે આજ પર્યત કાર્યરત છે.

સામાન્ય જન સમૂહ સાથે કાર્ય ચાલ્યુ. કાયદાકીય અને પોલીસ કાર્યવાહી બાબતે કાર્યકરો દખલગીરી કરતા હતા પણ પધ્ધતિસર રીતે નેટવર્કની પાર્ટનર સંસ્થાઓ પૈકી સાવારાજ સંસ્થાએ ચારેક વર્ષ પહેલા પોલીસ સ્ટેશનમાં પોતાના કાઉન્સેલરો રાખી એક પ્રયાસ રાજકોટમાં કર્યો જેને "મહિલા અને બાળ સહાયતા કેન્દ્ર" નામ આપ્યુ હતુ. જેમાં આ નેટવર્કના માર્ગદર્શન હેઠળ સંસ્થાના કાર્યકરો પ્રભાવિત મહિલા અને બાળકોની

***જગતનો પ્રેમ કદી ઓછો નથી હોતો આપણી અપેક્ષાઓજ વધારે હોય છે.***

સાથેની પોલીસ કાર્યવાહીમાં સામેલ થયા. બે વર્ષ પહેલા એસએસકેકે એ આ નેટવર્કમાં નિર્ણય થયા અનુસાર અમરેલી ખાતે પોલીસ સ્ટેશનમાં ટાટા ઈન્સટીટયુટ ઓફ સોશ્યલ સાયન્સીઝના માર્ગદર્શન હેઠળ "મહિલા અને બાળ સહાયતા કેન્દ્ર" ની કામગીરી શરુ કરી હતી. જેમાં આઈપાપ અંતર્ગત ઓકસફામનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

સંસ્થાઓના આ પ્રકારના સામાજીક સહભાગિતા વાળા આ કાર્યની નોંધ રાજય દ્વારા લેવાઈ. સંસ્થાઓના આ સમૂહ દ્વારા થયેલ આ પ્રયાસોને સાર્વત્રિક બનાવવા જરૂરી એડવોકસીનુ કાર્ય થયુ જેને લઈ રાજયમાં દરેક જીલ્લામાં આ પ્રકારના કેન્દ્રોની સ્થાપના થઈ. જેથી સંસ્થાઓએ કરેલ પ્રયાસો નિરંતર બન્યા. અમરેલી ખાતે આ માસથી જ જેન્ડર રીસોર્સ સેન્ટર દ્વારા સમાન પ્રકારનુ કાર્ય શરુ થયેલ છે. જેથી સંસ્થાના ચાલી રહેલા મહિલા અને બાળ સહાયતા કેન્દ્ર અમરેલી ને આ માસના અંત સુધી ચલાવવામાં આવનાર છે. આ કેન્દ્રની કામગીરીની સમીક્ષા અને મળેલ પરિણામોની ચર્ચા આ માસના અંતમાં એક બેઠક યોજી છે તેમાં કરવામાં આવનાર છે.

ઓકસફામ ઈન્ડીયાના કાર્યક્રમ "Promoting Violence Free Lives for Women" નો પણ સમાપન કન્સલ્ટેશન તા. ૨૬/૨/૧૪ ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ છે.

**સમિક્ષા બેઠક**

મહિલાઓ માટે હિંસા મુકત જીવન પ્રણાલી સમાજમાં પ્રસ્થાપિત કરવા માટે થયેલ પ્રયાસોની ચર્ચા માટે પોલીસ તંત્ર, ન્યાય પ્રણાલી, ન્યાય સમિતિ, પેરાલીગલ, યુવા ગૃપ તથા આ કાર્ય સાથે સંકળાયેલ સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે એક બેઠક તા.૨૪/૨/૧૪ના રોજ યોજવામાં આવી.

આ બેઠકનો આરંભ ભરતભાઈ વાળા તથા રીંકલ ભાલાળાએ પ્રાથમિક પરિચયથી કર્યો હતો. જેમાં દરેક પ્રતિભાગીઓએ પોતાના મહિલા અને બાળકો પ્રતિ હિંસાના મુદાઓ પર પોતાના અનુભવ જણાવ્યા. મહિલા પોલીસ સ્ટેશનમાં કાર્યરત સંસ્થાના ઉકત કેન્દ્રની કામગીરી બાબતે સંસ્થાના સામાજીક કાર્યકર અને પોલીસ સ્ટાફના સાથે કામ કરવાના બે વર્ષના સમયગાળાના બનાવોની વિગતે ચર્ચા થઈ. પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી એન. એસ સવનીયા તથા હંસાબેન એન. પટેલએ ચર્ચામાં ભાગ લીધો હતો. તેમણે પોતાની ફરજ સાથે આ મુદા પર તેઓની સંવેદના જણાવી હતી.

આ બેઠકમાં જાગૃતિબેન જોષી, અરુણાબેન ભટ, પ્રો. તળાવીયા, પુષ્પાબેન ગોહીલ, બિપીનભાઈ જોષી, પ્રકાશભાઈ ભટ્ટી, દીપા ચૌહાણ, કોમલ જોષી તથા પ્રેમલ જોષી સહિતના સંસ્થાના હોદેદારો સ્ટાફ ઉપસ્થિત રહયા હતા.

***અત્યાચાર સહન કરનાર અત્યાચારી જેટલો જ ગુનેગાર છે.***

અમરેલી જીલ્લામાં આવેલું ખીજડીયા જંકશન નામનું સાવ નાનું એવું ગામ.આ ગામના જંકશન પર રેલ્વેનું ક્રોસીગ થતુ હતું આથી રેલ્વેમાં મુસાફરી કરતા લોકો સિવાય બહુ ઓછા આ ગામને ઓળખતા હશે. અમરેલીમાં શિક્ષક તરીખે નોકરી કરતા બે મિત્રો શિવરાત્રીનો મેળો કરવા માટે રેલ્વેમાં જુનાગઢ જઈ રહયા હતા.

અમરેલીથી જુનાગઢ જતા વચ્ચે આ ખીજડીયા જંકશન આવે. અહી રેલ્વેનું ક્રોસીંગ હોવાથી લગભગ અડધો કલાક ટ્રેન ઉભી રહે. બંને શિક્ષકો પ્લેટફોર્મ પર ચા પીવા માટે એક લારી પર ગયા. ચાની લારી પર ૧૨ વર્ષનો એક છોકરો કપ રકાબી સાફ કરી રહયો હતો. શિક્ષકે ચાની લારી વાળાને આ છોકરા વિષે પુછયુ એટલે એમણે કહયુ , " સાહેબ , મારો જ દિકરો છે પણ એને ભણવાનું નથી ગમતુ એટલે અહીંયા મને મદદ કરે છે."

ચા પીધા પછી આ શિક્ષકે છોકરાને બોલાવીને પુછયું, " બેટા, તને ભણવાનું નથી ગમતુ તો પછી શું ગમે છે?" છોકરાએ કહયું , " સાહેબ, મને ચિત્રો દોરવા ખુબ ગમે. જુઓ મારા દોરેલા આ ચિત્રો." સિગારેટના ખાલી બોકસ પર દોરેલા ચિત્રો જેઈને શિક્ષકો દંગ રહી ગયા. એમણે ચાની લારી વાળા ભાઈને કહયું, " આ છોકરો તો ખુબ આગળ વધી શકે તેમ છે અમે જુનાગઢથી પાછા આવીએ ત્યારે અમારી સાથે લઈ જઈએ અને અમારા ખર્ચે ભણાવીએ. છોકરાના પિતાએ આ માટે મંજુરી આપી અને શિવરાત્રીનો મેળો કરીને આવેલા આ શિક્ષકો કપ–રકાબી સાફ કરતા છોકરાને પોતાની સાથે લઈ ગયા.

છોકરાને એના મનગમતા ક્ષેત્રમાં આગળ વધવા માટે તમામ પ્રકારની મદદ કરી. એ છોકરાએ વડોદરાથી ફાઈન આર્ટસનો કોર્સ કર્યો. મુંબઈમાં જઈને પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો. આર.કે. લક્ષ્મણ સાથે રહીને કાર્ટુન સીરીઝ 'વાગલે કી દુનિયા' બનાવી. પછી તો એની પ્રતિભા ભારત પુરતી મર્યાદીત ન રહેતા ભારત બહાર પહોંચી. ફિલ્મ બનાવવા માટેના સપના જોતો એ છોકરો આંતરરાષ્ટ્રીય ફિલ્મ નિર્માતા–નિર્દેશક તરીખે પ્રખ્યાત થયો. મહાનાયક અમિતાભ બચ્ચન પણ જેની સાથે કામ કરવાની મહેચ્છા રાખે છે એ ખીજડીયાના નલીનકુમાર પંડયા તરીકે ઓળખાતા અને હાલ ફ્રાંસમાં રહેતા, છોકરાને આજે દુનિયા "પાન નલીન" (Pan Nalin) ના નામથી ઓળખે છે. અને પેલા અમરેલીના શિક્ષક એટલે ડો.વસંતભાઈ પરીખ.

મિત્રો, આપની શ્રેષ્ઠ કારકીર્દીનું ઘડતર આપના મનપસંદ ક્ષેત્રમાં જ કરી શકશો અને જો ઈરાદો પાકો હશે અને મનોબળ મજબુત હશે તો સફળતા તમારા કદમોમાં આળોટશે.

**– સંકલન રીંકલ ભાલાળા**

***મિત્રતાનું મુલ્ય રૂપિયામાં કરે તેને કદી મિત્ર બનાવશો નહી.***

**હકારાત્મક બાબતો ઉજાગર કરવાની આવશ્યકતા**

આપણે આપણા દેશનાં સામર્થ્ય અને એની સિધ્ધિઓને કબુલતાં આટલા બધા ખચકાઈએ છીએ કેમ? આપણે તો એક મહાન રાષ્ટ્ર છીએ. આશ્ચર્યચકિત કરી દે તેવી આપણી સફળતાઓ છે, છતાં આપણે એને સ્વીકારવા તૈયાર નથી. દુધ ઉત્પાદનમાં આપણે દુનિયામાં સૌથી મોખરે છીએ. રિમોટ સેન્સિંગ સેટેલાઈટ– છેટેથી વસ્તુને પારખવા માટેના ઉપગ્રહો પામવામાં આપણે સૌપ્રથમ છીએ. ધાનની ખેતીમાં આપણે બીજે નંબરે છીએ. આવી તો લાખો સિધ્ધિઓ છે, પણ આપણા સંચાર માધ્યમોને તો કેવળ અશુભ સમાચારો અને નિષ્ફળતા જ દેખાય છે.

હુ એકવાર તેલઅવીવ ઈઝરાયલમાં હતો. એક ઈઝરાયલી છાપુ વાંચતો બેઠો હતો. એના આગલા દિવસે કેટલાયે હુમલાઓ, બોમ્બ ફેકવાના બનાવો અને મૃત્યુ થયા હતા. પણ છાપાના પહેલા પાના પર એક યહુદી સજ્જનનો ફોટો હતો. એણે પોતાની રણ જેવી ઉજ્જડ જમીનને ફળના બગીચામાં અને અન્નભંડારમાં પલટાવી નાખી હતી. એ એક પ્રેરક છબી જોઈને સહુમાં હામ આવતી હતી. હત્યા, બોંમ્બ ફેંકવાના બનાવો અને મૃત્યુ વગેરેના સમાચારો અંદરના પાને બીજા સમાચારોની વચ્ચે એક બાજુ દબાયેલા છપાયા હતા. પણ, અહીં ભારતમાં આપણને પહેલે પાને મોત, માંદગી, આતંકવાદ અને ગુનાઓની વાત જ વાંચવા મળે છે.

**– ડો. એ.પી. જે. અબ્દુલ કલામ**

**સૂવિચારો**

૧. સુખ દુઃખ એ તો જીવનની ઘટમાળ છે. સુખમાં છકે નહી અને દુ ખમાં ડગે નહી એ મહામાનવ.
૨. પ્રાર્થના પછી સારા પુસ્તકોનું વાંચન છાત્ર ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે.
૩. બીજાની સફળતા માટે એટલા જ ઉત્સાહી રહો જેટલા તમારી સફળતા માટે રહો છો.
૪. જગતમાં બધે જ સૌંદર્ય છે પરંતુ એ સૌદર્યને નિહાળવા માટે પ્રેમ ભીના ચક્ષુ જોઈએ.
૫. પ્રાર્થના ઈશ્વરનો મોબાઈલ નંબર છે, નેટવર્કમા રહોતો રિંગ વાગે જ.
૬. બીજા સાથે એવી જ ઉદારતા રાખો જેવી ઈશ્વરે તમારી સાથે રાખી છે.
૭. મનુષ્યના શરીર, મન અને આત્મામાં રહેલા ઉત્તમ અંશોનુ પ્રગટીકરણ એટલે કેળવણી.
૮. બાળકોને ઉપદેશ નહી ઉદાહરણ જોઈએ.
૯. અપવિત્ર વિચારપણ અપવિત્ર કર્મ જેટલો જ ભયંકર છે.

*તમારામાં આંતરીક સૌંદર્ય હશે તો જીવન આપોઆપ સુંદર બનશે.*

**Engage on this month**

| | |
|---|---|
| 2 | Team meeting |
| 7 | Training and MOU with Pani samiti (Anjar)at Junagadh. |
| 19 | National environment awareness campaign work shop, Ahmedabad |
| 19-20 | Training on school development plan, Sayla. |
| 21 | Orientation about CADP-II for project coordinator with CSPC |
| 24 | Technical exercise for WRM at CSPC Ahmedabad |
| 24 | Review meeting for child and women Support cell, Amreli |
| 26 | Consultation on Promoting Violence Free Lives for Women at Amdavad |

**Happy Birthday**

1. Dharmesh Korat 09-03-1991
2. Kanji Bhola 12-03-1986
3. Nidhi Gohil 13-03-1985
4. Parbat Bhola 21-03-1987
5. Niharika Marvaniya 26-03-1971
6. Manisha Raddiya 27-03-1984
7. Ajit Gohil 31-03-1979

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સમય વર્તીને જે બદલાય જાય તે સફળતા મેળવી શકે.**